**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૨૪ ટકા

# પરપ્રાંતિયાઓને તેમના વતન સુધી મોકલવાની કરાયેલ સુચારું વ્યવસ્થા



ગુજરાતમાંથી પોતાના વતન જવા ઈચ્છતા શ્રમિકોને બસ મારફતે રેલ્વે સ્ટેશન પહોંચાડવામાં આવી રહ્યા છે. રેલ્વે સ્ટેશન સુધી જવા માટે બસને તૈયાર કરી રહેલા ડ્રાઈવરો બસ સ્ટેન્ડમાં એકત્ર થયા છે અને તમામ સાવધાની સાથે બસને રવાના કરવાની તૈયારીઓ કરી રહ્યા છે.



ગાંધીનગર જિલ્લામાં લોક ડાઉનના કારણે પોતાના વતનમાં ન જઈ શકનાર પરપ્રાંતિયાઓને તેમના વતન સુધી મોકલવાની સુચારું વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી છે. આજે સવારના ૯.૦૦ કલાકે ગાંધીનગર એસ.ટી.ડેપો ખાતેથી ૩૧ બસોમાં ૯૩૧ પરપ્રાંતિયાઓને અમદાવાદ રેલ્વે સ્ટેશન સુધી મોકવા માટે ઉપડી હતી. વહેલી સવારના તમામ પરપ્રાંતિયાઓને નાસ્તો કરાવવામાં આવ્યો હતો. તેમજ તેમની મુસાફરી દરમ્યાન જરૂરી પાણીની બોટલ અને નાસ્તાના પેકીંગ આપવામાં આવ્યા હતા. આજે સવારના અમદાવાદ ખાતેથી ઉપડનાર સ્પેશિયલ ટ્રેન ઉત્તરપ્રદેશ – ગોરખપુરમાં આ તમામ પરપ્રાંતિયાઓ પોતાના વતન તરફની વાટ પકડી છે.



ગાંધીનગરમાં જુદા જુદા સ્થળોએ રહેતા શ્રમિકોને તેમના વતન મોકલવાની તૈયારીઓ થઈ રહી છે ત્યારે શહેરમાં કયા કયાં સ્થળોએ આ મજૂરો રહે છે તેની શોધખોળ કલેકટર કચેરી દ્વારા થઈ રહી છે. વતન જવા ઈચ્છતા મજૂરોને કલેકટર કચેરી દ્વારા પાસ આપવામાં આવી રહ્યા છે. પાસ આપી તેઓને બસમાં બેસાડવામાં આવી રહ્યા છે.








## હડકવા ઉપડેલા માણસ ફરતો હોવાની વાતને પગલે પાલજના ગ્રામજનોમાં ફફડાટ

ગાંધીનગર, તા.૯

સાબરમતિ નદીના કિનારે આવેલા નવા પાલજ ગામે ગતરોજ સાંજના સુમારે નદીના કોતરમાં હડકવા ઉપડેલો માણસ ફરતો હોવાની વાત વાયુવેગે પ્રસરતા ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. નવા પાલજ ગામના ગ્રામજનો આ વાતને પગલે આખી રાત જાગતા બેસી રહ્યા હતા. જયારે આસપાસના ગ્રામ્ય વિસતારના નાગરીકોમાં પણ ભયનો માહોલ છવાયો છે. જેનો અનુલક્ષી ચિલોડા પોલીસે પાલજ સહિતના ગામ્ય વિસ્તારમાં લાઉડ સ્પીકર દ્વારા હડકવા ઉપડેલ માણસ કોઈ ફરતો નથી. આ વાત માત્ર અફવા છે અને નાગરીકોને ચિંતા ન કરવા માટે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સોશિયલ મિડીયામાં એક વ્યકિતના ફોટા સાથે મેસેજ ફરતા થયા છે, જેમાં લખાયુ છે કે સાબરમતિ નદીની પેલી પાર એક ભાઈને કુતરું કરડવાથી



હડકવા ઉપડ્યો હોવાથી તે ૨-૩ દિવસથી સાબરમતિ નદીના કાંઠા વિસ્તારમાં તેની શોધખોળ ચાલુ છે, પરંતુ હજુ સુધી તે મળ્યો નથી. તો ગામની પાદરે સાવચેતી રાખવી અને અજાણ્યા વ્યકિતથી દુર રહેવું. આ પ્રકારના મેસેજ ફરતા થતાં ગ્રામજનોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો હતો. જેને પગલે પોલીસે આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં જઈને આ વાત માત્ર અફવા હોવાની જાહેરાત કરી હતી.

શહેરમાં કોરોના વધતા સંક્રમણને ધ્યાને રાખી સેકટર-૨૭ની ગાયત્રી સોસાયટીના પ્રમુખ પી. ડી. પટેલ ઉપરાંત ઉરેન પટેલ, તરંગ પટેલ, રવિ મિસ્ત્રી, અમરતભાઈ, સંજયભાઈ, વિષ્ણુભાઈ, ભટ્ટજી, મયુરભાઈ, સ્મિત પટેલ , બ્રિજેશ અને અન્ય યુવાનોની ટીમ બનાવી સોશિયલ ડિસ્ટનસિંગનું પાલન કરી ઘરે ઘરે રોગ પ્રતિકારક શક્તિવર્ધક આયુર્વેદિક ઉકાળા પાવડરનું વિતરણ કરવામાં આવ્યું હતું અને રહીશોને સૂંઠના ઉપયોગનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ સાથે બહારથી કોઈ મહેમાન સોસાયટીમાં આવ્યુ હોય તો તેની જાણ કરવા અનુરોધ કર્યો હતો અને સોસાયટીમાં એક પણ ફેરિયાઓને પ્રવેશ ના આપવા માટે જાહેર વિનંતિ કરવામાં આવી હતી. આ ઉપરાંત રહીશોને માસ્ક પહેર્યા વગર ઘરની બહાર અગત્યની જરૂરીયાત સિવાય ના નિકળવા જણાવવામાં આવ્યુ હતું.



## સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા કર્મકાંડી બ્રાહ્મણોને કીટનું વિતરણ



કોરોના અને તેના લીધે પાળવામાં આવી રહેલા લોકડાઉનને લીધે શહેરમાં જરૂરિયાતમંદોને મદદ કરવા અર્થે ઘણી સંસ્થાઓ યુવાનો તથા સેવાભાવીઓ આગળ આવ્યા છે. એવી જ રીતે સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા વાવોલ, પાલજ, પેથાપુર, સરગાસણ, કુડાસણ જેવા ગામમાં વસવાટ કરી ફક્ત કર્મકાંડથી જ પોતાનો જીવન નિર્વાહ કરતા બ્રાહ્મણોને જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓની કીટ બનાવી આપવામાં આવી હતી. લોક ડાઉનના નિયમોનું પાલન કરી અને સોશીયલ ડિસ્ટન્સ જાળવી સમાજના પ્રમુખ પિનાકીન રાવલ અને મંત્રી નરેન્દ્ર વ્યાસ તથા સમગ્ર ટીમ દ્વારા સેક્ટર-૧૬ સ્થિત સ્વામી સચ્ચિદાનંદ બ્રહ્મ ભવન ખાતે આ કીટ નું વિતરણ આવ્યું હતું. આ કીટમાં જીવન જરુરિયાતની દરેક ચીજ-વસ્તુઓને આવરી લેવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ પિનાકીનભાઈ જણાવે છે કે, ગાંધીનગરમાં લોક ડાઉનના સમયે કે લોક ડાઉન બાદ પણ કોઈ પણ બ્રાહ્મણ ભૂખ્યો ન સુવો જોઈએ અને આ માટે સમસ્ત બ્રહ્મસમાજ તરફથી હું દરેક બ્રાહ્મણના પડખે ઊભા રહેવાની બાહેધરી આપુ છું.

## રેફ્રીજેટરનું રિપેરિંગ કરતાં કારીગરો લોકડાઉનના કારણે કફોડી સ્થિતિમાં

**ઉનાળુ સીઝન નિષ્ફળ જતાં ગાંધીનગર રેફ્રીજેટર સર્વિસ વેલ્ફેર એસોસિએશને મુખ્યમંત્રી સમક્ષ મદદની ધા નાખી : જિલ્લા કલેક્ટર, મેયર તથા મ્યુ. કમિશનરને પણ આવેદન પત્ર આપ્યું : ગાંધીનગરમાં ૧૫૦થી વધુ કારીગરોના પરિવારો જીવન નિર્વાહ માટે ચિંતાતુર બન્યા**

ગાંધીનગર, તા.૯

નોવેલ કોરોના વાઈરસે સમગ્ર વિશ્વમાં એવો કાળમુખો ભરડો લીધો છે કે જેના કારણે દુનિયાભરણું અર્થતંત્ર ઠપ્પ થઈને પડયું છે. જે ભારત દેશ વર્ષ ૨૦૨૨ સુધીમાં ૫ ટ્રિલિયન ઈકોનોમી થવાના સપના જોતું હતું તેના માટે આજે મૂડીઝ જેવી એજન્સીએ ૨૦૨૦માં શૂન્ય ટકા વિકાસની આગાહી કરી છે. ગાંધીનગર સહિત ગુજરાતભરમાં પણ તમામ વેપાર-ધંધા અને રોજગાર અટકી પડ્યા છે. મધ્યમવર્ગીય પરિવારોને જીવનનિર્વાહ કેવી રીતે કરવું તે એક મોટો પ્રશ્ન બની ગયો છે. આ સમયે ફ્રિજ-રેફ્રીજેટર વગેરેનું રિપેરિંગ કરીને પોતાનો જીવન નિર્વાહ ચલાવતા સ્કીલ્ડ લેબર છતાં અસંગઠીત કારીગરોને આખા વર્ષની કમાણી સમાન ઉનાળુ સીઝન લોકડાઉનને કારણે સદંતર નિષ્ફળ જવાથી પરિવારનું ગુજરાન કેવી રીતે ચલાવાશે તેની ચિંતા આ કારીગરોને સતાવી રહી છે જેને અનુલક્ષીને "ગાંધીનગર રેફ્રીજેટર સર્વિસ વેલ્ફેર એસોસિએશન" દ્વારા મુખ્યમંત્રી સમક્ષ મદદની ધા નાંખી છે. આ સંદર્ભે મુખ્યમંત્રીને સંબોધીને એક આવેદન પત્ર ગાંધીનગરના કલેકટર, મેયર અને મ્યુનિસિપલ કમિશ્નરને આપવામાં આવ્યું છે.

એકલા ગાંધીનગરમાં ફ્રિજ અને રેફ્રીજરેશન સર્વિસ ક્ષેત્રે ૧૫૦થી વધુ કારીગરો કાર્યરત છે અને રાજયભરમાં હજારોની સંખ્યામાં છે જે તમામના પરિવારો અત્યારે કોરોના કોવિડ-૧૯ના કારણે લાગુ પડેલા લોકડાઉનમાં ઉનાળુ સિઝનમાં કામ બંધ રહેવાને કારણે કફોડી અને દયનીય સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે.

ફ્રિજ અને રેફ્રીજરેશન સર્વિસનો ધંધો સીઝનેબલ હોવાથી દિવાળીથી માર્ચ માસના અંત સુધી ઠંડી ઋતુના કારણે કામનો અભાવ હોય છે. ઉનાળુ સિઝન માત્ર ત્રણેક માસ પૂરતી જ સીમિત હોય છે અને ઉનાળાની સિઝનના ધંધાને આધારે જ આખું વર્ષ પરિવારને નિભાવવાનું હોય છે. વળી, ઉનાળાની કાળઝાળ ગરમીમાં આ કારીગરો જીવના જોખમે આખો દિવસ અને મોડી રાત્રિ સુધી મરામતના કાર્યમાં કાર્યરત હોય છે જયારે ભૂતકાળમાં અનેક અકસ્માતો સર્જાઈ ચૂક્યા છે. ફ્રિજ અને રેફ્રીજરેશન સર્વિસ ક્ષેત્રે કાર્યરત કારીગરો જેઓ "સ્કીલ્ડ લેબર" હોવા છતાં અસંગઠીત ક્ષેત્રના શ્રમિકો હોવાને કારણે તેમની તકલીફો, અધિકારો અને હક્કો અંગે પૂરતી રજૂઆત સરકાર સુધી પહોંચતી નથી તેથી તેમને કે તેમના પરિવારોને અન્ય ક્ષેત્રના સંગઠિત શ્રમિકો જેવા કોઈ લાભ, સુરક્ષા કે સુવિધા પ્રાપ્ત થતાં નથી.

આ સ્થિતમાં "ગાંધીનગર રેફ્રીજેટર સર્વિસ વેલ્ફેર એસોસિએશન" દ્વારા મુખ્યમંત્રી સમક્ષ ફ્રિજ અને રેફ્રીજરેશન સર્વિસ ક્ષેત્રે કાર્યરત કારીગરોને કોવિદ-૧૯ મહામારીના કપરા સમયમાં રોકડ સહાય આપવા, ફ્રિજ અને રેફ્રીજરેશન સર્વિસ ક્ષેત્રે કાર્યરત કારીગરોને સરકાર તરફથી વીમા કવચ પૂરું પાડવા, અને ફ્રિજ અને રેફ્રીજરેશન સર્વિસ ક્ષેત્રે કાર્યરત કારીગરોને બાજપાઈ બેંકેબલ યોજના કે અન્ય બેંકેબલ યોજના હેઠળ સબસિડી સાથેની લોન ત્વરિત મળી શકે તેવી વ્યવસ્થા ગોઠવી આપવા માંગ કરવામાં આવી છે.

### ચિરવિદાય

- સ્વ. ભરતકુમાર ચીમનલાલ બ્રહ્મભટ્ટ, ઉ.વ. ૬૫
- સ્વ. ગજ્જર ભીખાભાઈ નાનચંદદાસ, ઉ.વ. ૬૨
- સ્વ. દશરથલાલ નાથાલાલ મોદી, ઉ.વ. ૭૮
- સ્વ. ઠાકોર કરશનજી પ્રેમાજી, ઉ.વ. ૬૦
- સ્વ. નીરૂબેન વિક્રમસિંહ ઠાકોર, ઉ.વ. ૩૫
- સ્વ. સાવિત્રીદેવી સંતોષકુમાર ખેમકા, ઉ.વ. ૬૫
- સ્વ. બિહોલા રઘુજી કાળુજી, ઉ.વ. ૬૨

# બારકોડિંગ કરાવવાનું ચૂકી ગયેલા એપીએલ-૧ કાર્ડધારકો સરકારની અનાજ સહાયથી વંચિત

**રાજ્યના દરેક જરૂરિયાતમંદ નાગરિકોને સહાય આપવાનો સરકારનો દાવો છતાં બારકોડિંગ ના હોવાને કારણે લાભથી વંચિત : લોકડાઉનમાં ધંધા વ્યવસાય વગરના આ મધ્યમવર્ગીય પરિવારોને બેવડો ફટકો : બારકોડ વગરના લાભાર્થીઓ જૂજ સંખ્યામાં હોવાથી સરકારના આંખ આડા કાન**

ગાંધીનગર, તા.૯

કોરોના કોવિડ-૧૯ મહામારીના પગલે સરકારને લોકડાઉનની સ્થિતિ લંબાવવાની ફરજ પડી છે જેને કારણે રાજ્ય સરકાર દ્વારા વધુ એકવાર રાજ્યના ગરીબ અને મધ્યમ વર્ગને વિના મૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવી રહ્યું છે. આજથી રાજયભરમાં ફરી એકવાર એપીએલ-૧ કાર્ડ પર અનાજ વિતરણનો પ્રારંભ થયો છે પરંતુ હજુ પણ રાજયમાં અનેક એવા એપીએલ-૧ કાર્ડધારકો છે તેમના કાર્ડમાં માત્ર બારકોડિંગ કરેલું ના હોવાથી તેઓ આ કપરા સમયમાં પણ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ રાહતના લાભથી વંચિત રહી જવા પામ્યા છે. અનાજ વિતરણના દુકાન ધારકો દ્વારા કાર્ડમાં બારકોડિંગ ના હોવાથી અનાજ આપવા ઈનકાર કરવામાં આવી રહ્યો છે જયારે જનસેવા કેન્દ્રો બંધ હોવાથી ત્યાં પણ બારકોડિંગ કરાવવા લોકડાઉન પછી આવજો તેવા જવાબ આપી કાર્ડ ધારકોને રવાના કરી દેવામાં આવે છે.

રાજયમાં એપીએલ-૧ કાર્ડ ધારકોને અત્યાર સુધી તેમના કાર્ડ પર કોઈ ખાસ લાભ કે રાહત પ્રાપ્ત થતી નહોતી. વળી રેશનિંગ કાર્ડને સરકાર દ્વારા કોઈ પ્રક્રિયામાં જે પહેલા રહેઠાણના પુરાવા તરીકે માન્ય દસ્તાવેજ તરીકે સ્વીકારવામાં આવતું હતું તેમાથી પણ હટાવી દેવામાં આવ્યું જેના કારણે એપીએલ કાર્ડ ધારકો માટે આ કાર્ડ કોઈ ખાસ ઉપયોગનું રહ્યું નહોતું. આ કારણે અનેક કાર્ડ ધારકોએ તેમના એપીએલ-૧ કાર્ડનું બારકોડિંગ કરાવવામાં ઉદાસીનતા દાખવી હતી અથવા કેટલાક કાર્ડ ધારકોને કોઈ કારણસર બારકોડિંગ કરવાનું રહી ગયું હતું. હવે જયારે કોરોના કોવિડ-૧૯ મહામારીએ સમગ્ર વિશ્વનો ભરડો લીધો અને ગુજરાતમાં પણ તેનો વ્યાપ વધી જતાં સરકારે સંપૂર્ણ રાજયમાં છેલ્લા દોઢેક માસથી લોકડાઉન લાગુ કરવું પડયું છે. આ સ્થિતિમાં રાજયમાં સરકાર દ્વારા પહેલા બીપીએલ કાર્ડધારકોને અને ત્યારબાદ એપીએલ-૧ કાર્ડ ધારકોને વિના મૂલ્યે અનાજનો નિયત જથ્થો પૂરો પાડવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય અંતર્ગત એપ્રિલ માસમાં અનાજ વિતરણ કરવામાં આવ્યા બાદ મે માસમાં પણ અનાજ વિતરણ કરવાનું કારી હાથ ધરવામાં આવ્યું છે. આ સ્થિતિમાં જે એપીએલ-૧ કાર્ડ ધારકોના કાર્ડમાં બારકોડિંગ થયું નથી તેવા કાર્ડ ધારકો રાજયના કાયદેસરના નાગરિક હોવા છતાં વિના મૂલ્યે અનાજનો નિયત જથ્થો પ્રાપ્ત કરવામાંથી વંચિત રહી જવા પામ્યા છે. આ કાર્ડ ધારકોએ કોરોના કટોકટીમાં તેઓ પણ અટવાયેલા હોવા છતાં તેમણે એપ્રિલ માસનો મળવાપાત્ર અનાજનો જથ્થો તો ગુમાવ્યો જ છે પરંતુ હજુ સુધી રાજ્ય સરકાર દ્વારા આ બાબતે કોઈ જ નિર્ણય ના લેવાયો હોવાથી મે માસનો મળવાપાત્ર જથ્થો પણ ગુમાવવાનો વારો આવ્યો છે.

### શું બારકોડિંગ વગરના કાર્ડ ધારકો રાજ્યના નાગરિક નથી?

એપીએલ-૧ કાર્ડમાં બારકોડિંગ કરવાનું રહી ગયું હોય તેવા નાગરિકો ખૂબ જ જૂજ સંખ્યામાં હશે તે બાબત દીવા જેવી સ્પષ્ટ છે. એક તરફ રાજ્યના મુખ્યમંત્રી દ્વારા રાજ્યના દરેક જરૂરિયાતમંદ નાગરિકોને સરકાર સહાયરૂપ તવા તત્પર અને કટિબદ્ધ છે તેવા દાવા કરવામાં આવી રહ્યા છે ત્યારે આવા બારકોડિંગ કરવાના રહી ગયેલા જૂજ કાર્ડ ધારકોને પણ આ કપરા સમયમાં અન્ય નાગરિકોની જેમ મળવાપાત્ર અનાજનો જથ્થો આપવામાં રાજ્ય સરકારને ક્યાં મોટો બોજો પાડવાનો હતો? તેઓ ગુજરાત રાજ્યના નાગરિક હોવાને નાતે તેમનો મળવાપાત્ર અનાજનો જથ્થો તેમને મળે તે માટે સરકારે ઝડપથી યોગ્ય નિર્ણય લઈ તે માટેના આદેશો જાહેર કરવા જોઈએ તેવી આવા કાર્ડધારકોમાં લાગણી પ્રવર્તી રહી છે કેમ કે આ પ્રકારના નાગરિકોમાં મોટે ભાગે મધ્યમ વર્ગના જ નાગરિકો છે જેઓના કામ-ધંધા-વ્યવસાય લોકડાઉનને કારણે સંપૂર્ણ બંધ છે અને તેમના પર તેમના પરિવારોનું ભારણ પોષણ કરવાની જવાબદારી પણ છે.